## પુણા ગામમાં બેફામ ગતિનો કહેર

# સ્વિફ્ટની ટક્કરે ઊભેલી કાર ઉછળી; શિક્ષક બોનેટ પર ફંગોળાયા

**આંખના** પલકારામાં સર્જાયો અકસ્માત, CCTVમાં કેદ દૃશ્યો; હિટ એન્ડ રન કરી સ્વિફ્ટ ચાલક ફરાર

સુરત શહેરના પુણા ગામ વિસ્તારમાં બેફામ ઝડપ અને બેદરકારીનું ભયાનક ચિત્ર સામે આવ્યું છે. રોડ સાઈડ ઊભેલી કારને એક સ્વિફ્ટ કારએ એટલી જોરદાર ટક્કર મારી કે નજીક ઊભેલા શિક્ષક જીવના જોખમે બોનેટ પર ફંગોળાયા. સમગ્ર ઘટના નજીકના CCTV કેમેરામાં કેદ થતાં શહેરમાં ટ્રાફિક શિસ્ત અને સુરક્ષા અંગે ફરી ચિંતા ઊભી થઈ છે.

પુણા ગામમાં રહેતા અને વેસુ સ્થિત સી.સી. રવિશંકર વિદ્યામંદિરમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શૈલેષભાઈ અમૃતલાલ સુરતીએ આ બનાવ અંગે પુણા પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

ઘટના બે દિવસ અગાઉ સાંજે આશરે 5.15 કલાકે મહાવીર નગર નજીક બની હતી. શૈલેષભાઈ પોતાના મિત્રની સફેદ રંગની સેલેરિયો કાર (રજી. નં. GJ-19-BR-1812) લઈને જઈ રહ્યા હતા.

રસ્તામાં એક દુકાન પરથી પાણીની બોટલ લેવા માટે તેમણે કાર રોડની બાજુમાં પાર્ક કરી હતી.શૈલેષભાઈ બોટલ લઈને પરત ફરી રહ્યા હતા ત્યારે અચાનક સફેદ રંગની સ્વિફ્ટ કાર (રજી. નં. GJ-06-EQ-1243) પૂરઝડપે આવી અને સેલેરિયો કારના ડ્રાઈવર સાઈડના પાછળના ભાગે ભયાનક ટક્કર મારી. ટક્કરની તીવ્રતા એટલી હતી કે સેલેરિયો આગળ-પાછળથી ગંભીર રીતે નુકસાન પામી. CCTV ફૂટેજમાં દેખાય છે કે આ સમગ્ર ઘટના માત્ર આંખના પલકારામાં બની ગઈ અને શૈલેષભાઈ કારથી થોડા અંતરે હોવાથી મોટી જાનહાનિ ટળી. ફૂટેજ મુજબ, ટક્કર બાદ શિક્ષક બોનેટ પર પછડાઈ ફંગોળાયા, પરંતુ સદભાગ્યે ગંભીર ઇજા ટળી. ઘટનાપછી સ્વિફ્ટ કારનો ચાલક માનવતા ભૂલીને સ્થળ પરથી ફરાર થઈ ગયો. સ્થાનિકો ભેગા થતાં ટ્રાફિકમાં થોડીવાર માટે અફરાતફરી સર્જાઈ હતી. પુણા પોલીસે ફરિયાદના આધારે હિટ એન્ડ રનનો ગુનો નોંધ્યો છે. પોલીસે CCTV ફૂટેજ અને વાહન નંબરના આધારે ફરાર ચાલકને શોધવા માટે તપાસ તેજ કરી છે.










## સંક્ષિપ્ત સમાચાર

### જી.ડી. ગોયેન્કા ઇન્ટરનેશનલ સ્કૂલનો દિલ્હીમાં પાંચ પુરસ્કાર મેળવવાનો રેકોર્ડ



જી.ડી. ગોયેન્કા ઇન્ટરનેશનલ સ્કૂલે ફરી એકવાર પોતાની ઉત્તમતા અને શ્રેષ્ઠતાની પરંપરાને સાબિત કરતાં, બહુચર્ચિત જી.ડી. ગોયેન્કા કોન્ફ્લ્યુઅન્સ, દિલ્હી ખાતે પાંચ પ્રતિષ્ઠિત પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. આ એવોર્ડમાં 1. બે ર ટ ઇન કો-સ્કોલાસ્ટિક, 2 બેસ્ટ ઇન સ્કોલાસ્ટિક, 3 ટોપ મેરિટ રિઝલ્ટ, 4 ટોપ મેરિટ રિઝલ્ટ તેમજ 5.બેસ્ટ ઇનોવેટિવ ટીચર એવોર્ડ - પ્રી-પ્રાઇમરી વિભાગની શિક્ષિકા શ્રીમતી ચાંદની જુનેજાને નવીન શિક્ષણ પદ્ધતિઓ, સર્જનાત્મક વર્ગખંડ અભ્યાસ અને વિદ્યાર્થી કેન્દ્રિત શિક્ષણ પ્રત્યેના અવિરત સમર્પણ બદલ આપવામાં આવ્યો છે. આ અભૂતપૂર્વ સફળતા મુખ્ય માર્ગદર્શક મનહરભાઈ કાકડિયાના દ્રષ્ટિવંત માર્ગદર્શન, ઇન-ચાર્જ પ્રિન્સિપાલ શ્રીમતી હેતલ તમાકુવાલાના સશક્ત નેતૃત્વ અને ડિરેક્ટર - ઓપરેશન્સ ડો. સેજલ ઠક્કરની વ્યૂહાત્મક દિશામાં પ્રાપ્ત થઈ છે. જી.ડી. ગોયેન્કા કોન્ફ્લ્યુઅન્સ, દિલ્હી ખાતેની આ શાનદાર કામગીરી માત્ર શાળાની વૈશ્વિક પ્રતિષ્ઠાને ઊંચે લઈ જતી નથી, પરંતુ શૈક્ષણિક ઉત્તમતા, નવીનતા અને સર્વાંગી વિકાસનું શક્તિશાળી પ્રતિક બની રહે છે–શિક્ષણ ક્ષેત્રમાં ઉત્તમતાની સાચી વારસા ગાથા છે.

### રેસોનિયા (ખાવડા સી) લિમિટેડની સોલાર પહેલથી બે ગામને ઉજાસ

નવસારી : નવસારી જિલ્લાના બે ગામમાં રેસોનિયા (ખાવડા સી) લિમિટેડે પોતાની મહત્વપૂર્ણ સોલાર લાઇટિંગ પહેલ દ્વારા આ સ્થિતિમાં પરિવર્તન લાવ્યું છે. બે ગામોમાં ઉચ્ચ પ્રકાશિત સોલાર સ્ટ્રીટ લાઇટ્સ સ્થાપિત કરવામાં આવી છે જેથી લોકો અંધારામાં પણ અવરજવર કરી શકે. મોગરાવાડી અને બામણવેલ પ્રોજેક્ટના પ્રભાવ વિશે જણાવતાં રેસોનિયા લિમિટેડ નવસારી ના પ્રોજેક્ટ હેડ કંદર્પ પાંડે, ,એ કહ્યું, "ગુજરાતમાં અમે સામાજિક વિકાસમાં વિશ્વાસ રાખીએ છીએ. વલસાડ અને નવસારીના આદિવાસી ગામોમાં અત્યાર સુધી 115 સોલાર લાઈટ્સ સ્થાપિત કરવામાં આવી છે. મોગરાવાડીના સરપંચ ધનેશભાઈ પટેલે જણાવ્યું કે , "સોલાર લાઈટ્સથી ગામ ઝગમગી ઉઠ્યું છે.

### શ્રી રામકૃષ્ણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર એજ્યુકેશનદ્વારા સંચાલિત પ્રશિક્ષણ પાઠ્યક્રમ



સુરત : પર્યાવરણ વિજ્ઞાન વિભાગ, રામકૃષ્ણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ એપ્લાઇડ સાયન્સીસ, સાર્વજનિક વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા તા. ૨૫.૦૮.૨૦૨૫ થી તા. ૨૧.૧૧.૨૦૨૫ દરમિયાન બાહ્ય પરિસર અભ્યાસક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થામાંથી કુલ ૨૫ વિદ્યાર્થીઓએ આ પ્રશિક્ષણ પાઠ્યક્રમમાં ભાગ લઇ તેને સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરતા તેમને પ્રમાણપત્ર પ્રદાન કરવામાં આવ્યું હતું. સંસ્થાના આચાર્યા ચૌલામીબેન દેસાઈ દ્વારા તમામ પ્રતિભાગીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સહ પ્રાધ્યાપક ડો. ભાવિન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

### રેડિયન્ટ ઇંગ્લિશ સ્કૂલ અંડર -17 બોયઝ ક્રિકેટમાં ચેમ્પિયન



ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ અંડર-17 બોયઝ સીઝન બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ફાઈનલ મેચમાં ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ એ 16 રનથી વિજય મેળવી ટ્રોફી પોતાના નામે કરી.આ વિજય સાથે ધ રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલે વર્ષ 2024-2025 અને વર્ષ 2025-2026 છેલ્લા બે વર્ષ થી ચેમ્પિયન બનવાની ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. જેનો સંપૂર્ણ શ્રેય શાળાના ક્રિકેટ કોચ દેવ પ્રજાપતિ અને ભાર્ગવ પટેલ , જય મિસ્ત્રીને જાય છે. આ સફળતા માટે શાળાના ટ્રસ્ટીઓશ્રી, કેમ્પસ ડિરેક્ટર, પ્રિન્સિપલ, તમામ શિક્ષકો તથા માતા-પિતાનો માં એક હર્ષની લાગણી સાથે વિધ્યાર્થી ઓને અભિનંદન પાઠવ્યા.

### N.F.C. 3.0 ફાઈટિંગ ચેમ્પિયનશિપમાં સુરતના 4 કરાટે ખેલાડીએ 4 મેડલ જિત્યા



સુરતઃ તાજેતરમાં નવસારી ખાતે N.F.C. 3.0 ફાઈટીંગ ચેમ્પિયનશિપ 'ઈન્ટરનેશનલ એમ.એમ.એ. એમ.એચ. ચોર અને ઈન્ટરનેશનલ પ્રો. ચેમ્પિયનશિપ' યોજાઈ હતી. જેમાં સુરતના કરાટે ખેલાડીઓ હુસેન આઈ. પટેલ (ગોલ્ડ મેડલ), ફુરકાન અનવરો (સિલ્વર મેડલ), અબ્દુલ રઝાક દરયાઈ (સિલ્વર મેડલ), માઝ મન્સુરી (સિલ્વર મેડલ) એમ ચાર મેડલ પ્રાપ્ત કરીને સુરતનું નામ રોશન કર્યું છે. કોચ યુસુફ જી. મુલતાની પાસે ખેલાડીઓએ ટ્રેનિંગ લઈ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

### ભગવાન મહાવીર કોલેજના એમ.બી.એ. વિભાગના વડા પીએચ.ડી. થયા



સુરત ભગવાન મહાવીર કોલેજ ઓફ મેનેજમેન્ટના એમ.બી.એ. વિભાગના વડા ( ડો. ડિમ્પલ રજનીકાંત પરમારે મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી (Ph.D) પદવી પ્રાપ્ત કરી છે. તેમણે ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (GTU) દ્વારા "THE EFFECT OF EMOTIONAL INTELLIGENCE ON THE ACADEMIC PERFORMANCE OF STUDENTS IN UNIVERSITIES WITH REFERENCE TO GUJARAT STATE "વિષય પર સંશોધન કરી પીએચ.ડી.ની પદવી મેળવી છે. આ સંશોધન કાર્ય તેમણે વિદ્યાભારતી બીબીએ કોલેજ, બારડોલી ના આચાર્ય ડો. સ્નેહલકુમાર મિસ્ત્રી ના માર્ગદર્શન હેઠળ કર્યું છે.

### મોઢ વણિક મહિલા સંગઠનનું સન્માન કરવામાં આવ્યું




સુરતઃ સ્મીમેર હોસ્પિટલ યશોદા મિલ્ક બેન્ક સુરત અને સુરત પીડિયાટ્રીક એસો. ના સહયોગ શ્રી સુરતી મોઢ વણિક મહિલા મંડળ, સુરતને સન - 2025માં પીડિયાટ્રીક એસો. સાથે સહભાગી થઈને માતાના ધાવણદાન સફળ કેમ્પ કરવા બદલ સન્માનિત કરવા માટે સન - 2026ના પીડિયાટ્રીક એસો.ની નવી ટીમના પદ ગ્રહણ સમારંભમાં સંગઠનના પ્રતિનિધિ તરીકે મીનાક્ષી બોડાવાલાને સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી. સમારંભમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, સુરત પીડિયાટ્રિક એસો.ના તત્કાલિન પ્રમુખ ડો. ફાલ્ગુન શાહ, ડો. કેતન ભરડવા સહિતના હાજર રહ્યા હતા.

## કુખ્યાત યુસુફ પઠાણે જાહેરમાં લોકોની હાથ જોડી માફી માંગી

**હત્યા,** ખંડણી, કરોડોના ફ્રોડમાં સંડોવાયેલા આરોપીનું લિંબાયત પોલીસ દ્વારા રિકન્સ્ટ્રક્શન કરાયું, જોવા લોકો ટોળે વળ્યા

સુરતઃ લિંબાયત વિસ્તારમાં હત્યા, ખંડણી અને કરોડોના સાયબર ફ્રોડ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા કુખ્યાત આરોપી યુસુફ પઠાણને લિંબાયત પોલીસે દોરડા બાંધી રસ્તા પર લાવી ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. જે વિસ્તારમાં આરોપીનો ડર હતો, એ જ વિસ્તારમાં આજે લોકો સામે તેણે બંને હાથ જોડીને માફી માંગી હતી. ફરિયાદી મોહમ્મદ સિદકી પાસેથી યુસુફ પઠાણે ચપ્પુની અણીએ ધમકી આપી તેમની કિંમતી ક્રેટા કાર અને આરસી બુક પડાવી લીધી હતી. ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈ પોલીસે ઝડપી કાર્યવાહી કરી આરોપીને ઝડપી લીધો હતો. આજે પોલીસ દ્વારા આરોપીને ઘટના સ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. પોલીસની કડકાઈ અને લોકોની હાજરી વચ્ચે આરોપીનો રુઆબ ઓસરતો દેખાયો. તેણે લોકો સામે બંને હાથ જોડીને કહ્યું કે, "હવે ક્યારેય ગુનો નહીં કરું." આ દૃશ્ય જોવા માટે આસપાસના લોકો ટોળે વળ્યા હતા. પોલીસ દ્વારા આરોપી પાસેથી સમગ્ર ઘટનાક્રમ કેવી રીતે બન્યો તેની વિગતવાર માહિતી મેળવી પુરાવા એકત્રિત કરાયા હતા. વર્ષ 2019માં લખનઉમાં થયેલા હિન્દુવાદી નેતા કમલેશ તિવારી હત્યાકાંડમાં તેની સંડોવણી બહાર આવી હતી. આ કેસમાં જેલવાસ ભોગવ્યા બાદ જામીન પર બહાર આવ્યો હતો. એટલું જ નહીં, અરવલ્લી જિલ્લાના લુણાવાડા પોલીસ સ્ટેશનમાં તેના વિરુદ્ધ રૂ.5.50 કરોડના સાયબર ફ્રોડનો પણ ગુનો નોંધાયેલો છે.

## ગાંધીસ્મૃતિ ભવનમાં 3.5 કરોડના ખર્ચે હાઈટેક ઓડિયો-લાઈટ સિસ્ટમ નંખાશે

સુરતઃ નાનપુરા ખાતે આવેલા સુરતના કલાપ્રેમીઓનું માનીતું ગાંધી સ્મૃતિ ભવન હવે ટૂંક સમયમાં નવા રંગરૂપ સાથે શરૂ થવા જઈ રહ્યું છે. મનપા દ્વારા 46 કરોડ રૂપિયાના ખર્ચે તેને અત્યાધુનિક બનાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. ગાંધી સ્મૃતિ ભવનમાં લાઈટ એન્ડ સાઉન્ડ સિસ્ટમ માટે 3.50 કરોડના કામને મંજૂરી માંગતી દરખાસ્ત શાસકો સમક્ષ મુકવામાં આવી છે. આ અત્યાધુનિક ભવનમાં હવે સ્ટેજ લાઈટિંગ, સાઉન્ડ સિસ્ટમ, કર્ટન અને સ્ટેજ ફ્લોરિંગ જેવી મહત્ત્વની કામગીરીઓ શરૂ કરવામાં આવનાર છે. હવે અંદાજે 3.50 કરોડ રૂપિયાના ખર્ચે ગાંધી સ્મૃતિ ભવન ખાતે હાઈ-ટેક લાઈટ અને સાઉન્ડ સિસ્ટમ ઊભી કરવામાં આવશે. આ સાથે જ ભવનમાં એકોસ્ટિક અને ઈન્ટિરિયરની કામગીરી પણ તબક્કાવાર પૂર્ણ કરી શહેરના સાંસ્કૃતિક વારસાને ફરીથી ધબકતો કરવામાં આવશે.

## સીમાડા નાકાથી સ્વામીનારાયણ મંદિર સુધી ઓવર વે સીસી રોડ બનશે

**મુંબઈમાં** ઓવર વે સીસી રોડ બને છેઃ સીસી રોડની સરખામણીએ 40 ટકા ખર્ચ ઓછો થાય છે

**ખર્ચમાં કાપ , મજબૂતાઈ યથાવત અને ખાડામાંથી મુક્તિ**

સીમાડા નાકાથી સ્વામીનારાયણ મંદિર સુધીનો માર્ગ રોજિંદા આવાગમન ઉપરાંત ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ માટે પણ મહત્ત્વનો છે. સ્વામીનારાયણ મંદિર અને તળાવ વિસ્તારમાં રોજ હજારો ભક્તો અને નાગરિકોની અવરજવર રહે છે. ખાસિયત એ છે કે, 60 ટકા ખર્ચમાં બનનારા આ સીસી ઓવર વે તૈયાર થતાં આ વિસ્તારની કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. વાહનચાલકોને સરળ, સલામત અને સ્મૂધ ડ્રાઇવિંગનો અનુભવ મળશે.

સુરતઃ વરાછા અને મોટા વરાછા વિસ્તારમાં વધી રહેલા ટ્રાફિકને ધ્યાને રાખી સીમાડા નાકાથી સવજી કોરાટ બ્રિજ થઈ મોટા વરાછા તળાવ પાસે આવેલા સ્વામીનારાયણ મંદિર સુધીના રસ્તાને સીસી ઓવર વે તરીકે વિકસાવવા માટે શાસકો સમક્ષ દરખાસ્ત મૂકવામાં આવી છે. ઓવર વે સીસી રોડની ખાસિયત એ છે કે તે અન્ય સીસી રોડની સરખામણીએ 60 ટકા ખર્ચમાં બને છે અને સીસી રોડ જેટલો જ મજબૂત હોય છે. મુંબઈ મહાનગર પાલિકા દ્વારા ઓવર વે સીસી રોડ બનાવવામાં આવે છે તેમાંથી પ્રેરણા લઈ સુરત મનપા પ્રથમ વખત આ પ્રયોગ કરવા જઈ રહી છે. મહત્ત્વના માર્ગનું કામ અંદાજે રૂ.14.98 કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે.

હાલમાં ચોમાસા દરમિયાન આ માર્ગ પર ડામરના રસ્તા ધોવાઈ જતાં ભારે ખાડા પડી જાય છે, જેના કારણે વાહનચાલકોને રોજબરોજ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વારંવાર પેચવર્ક છતાં સમસ્યા યથાવત રહેતી હોવાથી મનપાએ હવે કાયમી ઉકેલ તરીકે સીસી ઓવર વે ટેક્નોલોજી અપનાવવાનો નિર્ણય કર્યો છે. સીસી રોડ બનવાથી રસ્તાની મજબૂતી વધશે અને લાંબા સમય સુધી ખાડાની સમસ્યાથી મુક્તિ મળશે.

મનપા અધિકારીઓના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટ માટે કુલ સમયમર્યાદા 18 મહિના નક્કી કરવામાં આવી છે, જેમાં ચોમાસાના દિવસોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. એટલે કે, આગામી દોઢ વર્ષમાં આ માર્ગ હાઈવે જેવી ગુણવત્તાવાળો અને ટકાઉ બની જશે. રોડનું નિર્માણ પૂર્ણ થયા બાદ ટ્રાફિક વ્યવસ્થા વધુ સુગમ બનશે અને અકસ્માતોની શક્યતા પણ ઘટશે.

## કોર્ટમાં મહિલા વકીલ સાથે કથિત અપમાનજનક વર્તન

સુરતઃ સુરત જિલ્લાની કોર્ટમાં એક મહિલા એડવોકેટ સાથે કોર્ટરૂમમાં જ કથિત અપમાનજનક વર્તન કરવામાં આવ્યું હોવાની ફરિયાદ સામે આવી છે. આ મામલે મહિલા એડવોકેટ દ્વારા પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સમક્ષ રજૂઆત કરી યોગ્ય પગલાં ભરવાની માંગણી કરવામાં આવી છે તેમજ આ મુદ્દે સુરત જિલ્લા વકીલ મંડળને લેખિત જાણ કરવામાં આવી હોવાનું સેક્રેટરી મુકુંદ રામાણીએ જણાવી આ રજૂઆત અંગે આવતીકાલે ચર્ચા કરી યોગ્ય નિણર્ય લેવામાં આવશે. સિનિયર મહિલા વકીલ તા. ૨૦/૦૧/૨૦૨૬ના રોજ કોર્ટમાં આરોપી પક્ષે હાજર રહ્યા હતા. તે વખતે કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર દ્વારા તેમને બોલતા અટકાવી તોછડાઈભર્યા શબ્દોમાં "નીકળો" કહી અપમાનિત કરવામાં આવ્યા હોવાનું જણાવાયું છે. એડવોકેટે પોતાની રજૂઆતમાં ઉલ્લેખ કર્યો છે કે વકીલોને "ઓફિસર ઓફ ધ કોર્ટ" ગણવામાં આવે છે,

## કતારગામના ટી.પી.ના રિઝર્વેશન મુદ્દે અસરગ્રસ્તોની ધીરજ ખૂટી

**શનિવારે** વિશાળ રેલી સાથે મનપાનો ઘેરાવ કરી મેયરને ઉગ્ર રજૂઆત કરવા તૈયારી

સુરતઃ ટીપી સ્કીમ નં.49, 50 અને 51 હેઠળ ઈરાદાપૂર્વક દાખલ કરાયેલા રિઝર્વેશનના મુદ્દે કતારગામમાં ફરીથી આંદોલનની ચેતવણી આપવામાં આવી છે. ટીપી સ્કીમ નં.49, 50 અને 51 રિઝર્વેશન પીડિત પરિવાર સમિતિ દ્વારા કતારગામ સ્થિત મોહનદીપ સોસાયટીની વાડીમાં મહત્ત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં 80થી વધુ સોસાયટીના પ્રમુખો, હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં રિઝર્વેશન પીડિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ચુંટાયેલા પ્રતિધિઓ છેલ્લાં બે-અઢી વર્ષથી ચલકચલાણું રમી રહ્યા હોય આગામી 31મી તારીખે વિરાટ રેલી સાથે મુઘલસરાઈનો ઘેરાવ કરી મેયરને આક્રમક રજૂઆત કરવાનું નક્કી કરાયું હતું.

બેઠક દરમિયાન જણાવવામાં આવ્યું હતું કે, ત્રણેય પ્રિલિમિનરી ટીપી સ્કીમમાં છેલ્લાં ઘણાં વર્ષોથી અસ્તિત્વમાં રહેલી રહેણાક વસાહતો, મકાનો, ખુલ્લા પ્લોટો તથા રસ્તાઓ પર કોઈ સ્થળ તપાસ કર્યા વિના મનફાવે એ રીતે રિઝર્વેશન દાખલ કરવામાં આવ્યાં છે. આ નિર્ણયના કારણે કતારગામ વિસ્તારના અંદાજે એક લાખથી વધુ સ્થાનિક નાગરિકો સીધા પ્રભાવિત થયા છે. વર્ષોથી વસવાટ કરતી સોસાયટીઓમાં વિકાસ કાર્યો અટકી પડ્યાં છે તેમજ નાગરિકોના મૂળભૂત હકોને ગંભીર અસર પહોંચી છે. રિઝર્વેશન પીડિત પરિવાર સમિતિના સભ્યોએ જણાવ્યું હતું કે, આ મુદ્દે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, કતારગામના ધારાસભ્ય વિનુભાઈ મોરડિયા, ભાજપ શહેર પ્રમુખ, મેયર દક્ષેશ માવાણી તેમજ સુરત મનપા કમિશનર સમક્ષ અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. છતાં આજદિન સુધી ફક્ત આશ્વાસનો જ મળ્યાં છે અને વાસ્તવિક અમલીકરણ થયું નથી.

નેતાઓ એકબીજા પર જવાબદારી ઠેલતા હોવાના આક્ષેપ પણ બેઠકમાં કરવામાં આવ્યા હતા. ટીપી સ્કીમ નં.49, 50 અને 51 પીડિત પરિવાર સમિતિના ઉમેશ ઝડફિયાએ જણાવ્યું હતું કે, છેલ્લાં ત્રણ વર્ષથી સતત રજૂઆત છતાં રિઝર્વેશન હટાવવાની દિશામાં કોઈ નક્કર પરિણામ મળ્યું નથી. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને બેઠકમાં સર્વસંમતિથી નિર્ણય લેવાયો છે કે આવનારા દિવસોમાં સુરત મહાનગરપાલિકા કચેરી પર મોરચો કાઢી આવેદનપત્ર આપવામાં આવશે.

### ફૂડ વેસ્ટમાંથી ફ્યુચર ફ્યુઅલ!

## સુરતમાં આજથી બે દિવસ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ

**સુરત** APMCનું બાયોગેસ મોડલ દુનિયાને દિશા બતાવશે

સુરતઃ સ્વચ્છતા ક્ષેત્રે દેશભરમાં નંબર વન સ્થાન મેળવનાર સુરત શહેર હવે પર્યાવરણ સંરક્ષણ અને ફૂડ વેસ્ટ મેનેજમેન્ટના ક્ષેત્રે પણ વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ બનાવવા જઈ રહ્યું છે. સુરત એપીએમસી, યુનિયન ઓફ વર્લ્ડ હોલસેલ માર્કેટ અને COSAMB નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે 21 અને 22 જાન્યુઆરીના રોજ "શેપિંગ ધ ફ્યુચર ફોર ટ્રાન્સફોર્મિંગ ફૂડ લોસ એન્ડ વેસ્ટ" વિષય પર એક ભવ્ય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

ધારાસભ્ય અને સુરત એપીએમસીના ચેરમેન સંદીપ દેસાઈએ જણાવ્યું હતું કે, મગોબ એપીએમસી માર્કેટની પાછળ હોટલ રિજેન્ટા - ધ વર્લ્ડ ખાતે યોજાનારી આ કોન્ફરન્સમાં દેશ-વિદેશના 100થી વધુ મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ખાસ કરીને દિલ્હીના કેબિનેટ મંત્રી કપિલ મિશ્રા, ઉત્તરાખંડના કૃષિ મંત્રી ગણેશ જોશી, મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી જય રાવલ, કર્ણાટકના શિવાનંદ પાટીલ અને તેલંગાણાના કૃષિ મંત્રી ટી. નાગેશ્વર રાવ હાજરી આપશે. આ ઉપરાંત 8થી 10 એશિયન દેશોના પ્રતિનિધિઓ તેમજ ભારતના વિવિધ માર્કેટિંગ બોર્ડના ચેરમેન અને એમડી પણ આ મંચ પર પોતાના વિચારો રજૂ કરશે.સુરત એપીએમસીમાં હાલ કચરો અને બગડેલા શાકભાજીમાંથી બાયો-CNGનું ઉત્પાદન કરવામાં આવે છે. રાજ્યમાં સૌપ્રથમ આ પ્રકારનો પ્લાન્ટ સુરત એપીએમસીમાં સ્થાપિત થયો હતો. આજે આ મોડલ માત્ર ગુજરાત કે ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે માર્ગદર્શક બનવાની ક્ષમતા ધરાવે છે.

## લ્યુમિનેસેન્ટ નાનોમટિરિયલ્સથી રોગ ઓળખવામાં હવે નવી દિશા

**SVNITના** ડો. અધિશ રાવલનું IIT મદ્રાસ અને હાન્યંગ યુનિવર્સિટી સાથે સંયુક્ત સંશોધન

**આરોગ્ય સેવા ક્ષેત્રમાં નિદાન પદ્ધતિઓના વિકાસ માટે માર્ગદર્શક બનશે**

આ મહત્ત્વપૂર્ણ સંશોધન આધારિત લેખ એસવીએનઆઈટી, સુરતના ડો. અધિશ રાવલ દ્વારા ભારતની અગ્રણી સંસ્થા IIT મદ્રાસ અને દક્ષિણ કોરિયાની પ્રતિષ્ઠિત હાન્યંગ યુનિવર્સિટી સાથેના આંતરરાષ્ટ્રીય સંશોધન સહયોગથી તૈયાર કરવામાં આવ્યું છે. આ સંશોધનને વૈશ્વિક સ્તરે માન્યતા આપતી પ્રતિષ્ઠિત સ્પ્રિંગર નેચર પ્રકાશન સંસ્થાએ પ્રકાશિત કર્યું છે.

સુરતઃ નાનો ટેકનોલોજી અને પ્રકાશવિજ્ઞાનના સંયોજનથી વિકસેલા લ્યુમિનેસેન્ટ નાનોમટિરિયલ્સ બાયોમેડિકલ વિજ્ઞાન ક્ષેત્રમાં નવી દિશા પ્રસ્થાપિત કરી રહ્યા છે. આ આધુનિક નાનામટિરિયલ્સ દ્વારા રોગોની વહેલી ઓળખ, બાયોસેન્સિંગ અને બાયો-ઇમેજિંગ જેવી પ્રક્રિયાઓ વધુ અસરકારક, સુરક્ષિત અને ચોક્કસ બનતી જાય છે.

અગાઉ બાયોમેડિકલ સંશોધનમાં ઓર્ગેનિક ડાઈઝ, એન્ઝાઇમ આધારિત પરીક્ષણો અને રેડિયોએક્ટિવ પદાર્થોનો ઉપયોગ થતો હતો. જો કે, આ પદ્ધતિઓમાં અસ્થિરતા, મર્યાદિત સંવેદનશીલતા અને આરોગ્ય સંબંધિત જોખમો જેવી સમસ્યાઓ રહેતી. આ પડકારોને ધ્યાનમાં રાખીને વૈજ્ઞાનિકોએ વધુ વિશ્વસનીય અને સલામત વિકલ્પ તરીકે લ્યુમિનેસેન્ટ નાનોમટિરિયલ્સ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. લ્યુમિનેસેન્ટ નાનોમટિરિયલ્સ ખાસ પ્રકાશ ઉત્સર્જન ગુણધર્મો ધરાવે છે, જેના કારણે કોષીય અને અણુ સ્તરે થતી જૈવિક પ્રક્રિયાઓને સ્પષ્ટ રીતે નિરીક્ષણ કરી શકાય છે. આ ટેકનોલોજીથી કેન્સર, સંક્રમણજન્ય રોગો તથા અન્ય ગંભીર બીમારીઓની શરૂઆતના તબક્કામાં જ ઓળખ શક્ય બની છે, જે સમયસર સારવાર માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે. ક્વાન્ટમ ડોટ્સ, નોબલ મેટલ નાનોક્લસ્ટર્સ, અપકન્વર્ઝન નાનોકણો તેમજ લેન્થનાઇડ-ડોપ્ડ સામગ્રી જેવા અદ્યતન લ્યુમિનેસેન્ટ નાનોમટિરિયલ્સ ઊંચી સંવેદનશીલતા અને ઉત્તમ પ્રકાશ ઉત્સર્જન ક્ષમતા ધરાવે છે.

## કચરા કૌભાંડમાં પૂર્વ મેનેજર-આસિ.ઈજનેરની પુરાવા સાથે હાજર થવા તપાસ કમિટીનો આદેશ

**ઉચ્ચસ્તરીય** કમિટીની પ્રથમ બેઠકમાં પૂર્વ અધિકારીઓની પૂછપરછ શરૂ, મૌખિક ખુલાસાને ફગાવાયા

**સોલિડ** વેસ્ટ વિભાગના ભૂતકાળના રેકોર્ડ ફંફોળવાનું ચાલુ કરાયું

સુરતઃ કાંકરિયા ગામે ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર સોલિડ વેસ્ટ ઠાલવવાના કૌભાંડનો પર્દાફાશ થયા બાદ સુરત મનપાના સોલિડ વેસ્ટ એન્ડ પ્રોસેસિંગ વિભાગમાં હવે તપાસની પ્રક્રિયા તેજ બની ગઈ છે. કાર્યપાલક ઈજનેર, સોલિડ વેસ્ટ મેનેજર સહિતના ઈજનેરો અને આરોગ્ય વિભાગના સ્ટાફની શિક્ષાત્મક બદલી બાદ હવે સમગ્ર પ્રકરણમાં જવાબદારી નક્કી કરવા ઉચ્ચસ્તરીય તપાસ કમિટીએ સક્રિય કામગીરી શરૂ કરી છે.

ભ્રષ્ટાચારના આક્ષેપોથી ઘેરાયેલા સોલિડ વેસ્ટ અને પ્રોસેસિંગ વિભાગમાં કૌભાંડી કોન્ટ્રાક્ટર સીડી ટ્રાન્સપોર્ટને ઈજારો આપવામાં આવ્યો તે સમયથી લઈને આજદિન સુધી વિભાગમાં ફરજ બજાવનારા અધિકારીઓ અને કર્મચારીઓની ભૂમિકા ચકાસવા માટે મનપા કમિશનરે શાસકો સાથે ચર્ચા કર્યા બાદ પાંચ સભ્યોની ઉચ્ચસ્તરીય કમિટી રચી હતી. આ કમિટીમાં આઈએએસ કક્ષાના બે ડેપ્યુટી કમિશનરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉચ્ચસ્તરીય કમિટીની પ્રથમ બેઠક સોમવારે બપોરે મળી હતી. બેઠક દરમિયાન સોલિડ વેસ્ટ એન્ડ પ્રોસેસિંગ વિભાગના ઈજારો શરૂ થયો ત્યારે સોલિડ વેસ્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા એન્વાયર્નમેન્ટ ઈજનેર જવલંત નાયક તેમજ આસિસ્ટન્ટ ઈજનેર મોહસીન પઠાણને કેટલાક મુદ્દાઓ પર સ્પષ્ટતા માટે હાજર રહેવા તાકીદ કરવામાં આવી હતી. કમિટીએ ઈજારાની શરૂઆતથી જ તમામ ફાઈલો અને રેકોર્ડની તપાસ કરતાં કેટલાક શંદેહાસ્પદ મુદ્દાઓ સામે આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. બેઠક દરમિયાન નાયક અને પઠાણ દ્વારા મૌખિક રીતે આપવામાં આવેલી માહિતીથી સંતોષ ન થતાં કમિટીએ બંને ઈજનેરોને લેખિતમાં તથા પુરાવા સાથે વિગતવાર માહિતી રજૂ કરવાની સૂચના આપી છે. કમિટી દ્વારા પૂછપરછનો વ્યાપ વધારવામાં આવતા હવે માત્ર હાલના નહીં પરંતુ ભૂતકાળમાં સોલિડ વેસ્ટ વિભાગ સાથે સંકળાયેલા નિવૃત્ત ઉચ્ચ અધિકારીઓને પણ નજીકના દિવસોમાં કમિટી સમક્ષ હાજર રહેવું પડી શકે છે. મનપા તંત્રમાં ચર્ચા છે કે, આ તપાસ બાદ કચરા કૌભાંડમાં સંડોવાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ સામે કડક કાર્યવાહી થવાની શક્યતા છે.